પેજ 3

## રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા સલીમ કુમારનું નિધન, નિવાસસ્થાને દફનવિધિ સંપન્ન



કોચ્ચિ, તા. 7 (PTI) કેરળે રવિવારે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા મલયાલમ અભિનેતા સલીમ કુમારને આંસુભરી વિદાય આપી હતી, જેમની અંતિમ વિધિ અહીં નોર્થ પરવુર સ્થિત તેમના નિવાસસ્થાને પોલીસ સન્માન સાથે કરવામાં આવી હતી, તે પહેલાં હજારો લોકોએ આ લોકપ્રિય અભિનેતાને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેઓ 56 વર્ષના હતા. કુમારનું શનિવારે રાત્રે આશરે 10.43 વાગ્યે અહીંની એક ખાનગી હોસ્પિટલમાં ન્યુમોનિયાની સારવાર દરમિયાન અવસાન થયું હતું. તેમના પાર્થિવ દેહને રવિવારે સવારે નોર્થ પરવુર ટાઉન હોલમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં અભિનેતાઓ, રાજકીય નેતાઓ, જેમાં મુખ્યમંત્રી વી.ડી. સતીશન પણ સામેલ હતા અને પ્રશંસકો સહિત હજારો લોકો તેમના અંતિમ દર્શન કરવા માટે એકઠા થયા હતા. બપોરે આશરે 2 વાગ્યે, મૃતદેહને નોર્થ પરવુર સ્થિત તેમના નિવાસસ્થાન, 'લાફિંગ વિલા' ખાતે લઈ જવામાં આવ્યો હતો.

## અમિતાભ હીરાની મોંઘવારી પર ટ્વીટ કરી ટ્રોલર્સના નિશાના પર, લોકોએ કહ્યું તમે નકલી નીકળ્યા



મુંબઈ, તા. 7 : બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન અવારનવાર ટ્વિટરથી લઈને પોતાના બ્લોગ અને ફેસબુક પર પણ કંઈક ને કંઈક પોસ્ટ કરતા જોવા મળે છે. જે ખૂબ જ ચર્ચામાં આવી જાય છે. 83 વર્ષની ઉંમરે અમિતાભ બચ્ચને 7 જૂનની મોડી રાત્રે 2:12 વાગ્યે હીરાની મોંઘવારી અને તેની દુર્લભતા પર એક પોસ્ટ શેર કરી દીધી હતી. જેને જોયા પછી ઘણા બધા લોકો ભડકી ગયા અને પોતાની પ્રતિક્રિયાઓ આપવા લાગ્યા હતા. ટ્રોલર્સે તેમને નીટ પેપર મામલામાં વિદ્યાર્થીઓની આત્મહત્યાને લઈને લપેટમાં લઈ લીધા છે. ઘણા બધા લોકોએ અમિતાભ બચ્ચનને નકલી હીરો કહી દીધા છે.

## ચીનના 33 વર્ષીય ઊભરતા સુપરસ્ટારનું નિધન, પરિવારે કરી પ્રાઇવસીની વિનંતી



બેઇજિંગ, તા. 7 : ચીની મનોરંજન જગતના ઊભરતા અભિનેતા જિન ઝેનું 33 વર્ષની વયે અચાનક નિધન થયું છે, જેના કારણે સી-ડ્રામા ફેન્સમાં શોકની લહેર ફરી વળી છે. સોશિયલ મીડિયા પર આ સમાચાર ખૂબ જ ઝડપથી વાયરલ થયા અને જોતજોતાંમાં આ સૌથી વધુ ચર્ચાતા વિષયોમાં સામેલ થઈ ગયા. બાદમાં તેની એજન્સીએ સત્તાવાર નિવેદન જાહેર કરીને તેમના નિધનની પુષ્ટિ કરી હતી. અહેવાલો અનુસાર, જિન ઝે, જેમનું અસલી નામ ઝાંગ જિયાવેઈ હતું, તેનું નિધન 4 જૂન 2026ના રોજ ચીનના હાંગઝોઉ સ્થિત તેના નિવાસસ્થાને થયું હતું. એજન્સીએ લોકોને આ સંવેદનશીલ સમય દરમિયાન પરિવારની ગોપનીયતાનો આદર કરવા અને તેના મૃત્યુ વિશે અફવાઓ ફેલાવવાનું ટાળવા વિનંતી કરી છે. તેના મૃત્યુનું કારણ જાહેર કરવામાં આવ્યું નથી.

## પેદ્દી વિવાદમાં અનુ અગ્રવાલની જહાન્વીને સલાહ 'ના કહેવાની હિંમત રાખો!'



મુંબઇ, તા. 07 : આશિકી ફિલ્મની અભિનેત્રી અનુ અગ્રવાલે તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ પેદ્દીમાં જહાન્વી કપૂરની ભૂમિકાને લઈને ચાલી રહેલા વિવાદ પર વાત કરતાં યુવા કલાકારોને આવી ભૂમિકાઓ ટાળવા અને સ્ક્રિપ્ટ સ્વીકારતા પહેલા તેને ધ્યાનથી સાંભળવા વિનંતી કરી છે. 7 જૂનના રોજ, તેના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર, અનુ અગ્રવાલે લખ્યું, પેદ્દી વિશેની તાજેતરની ચર્ચાઓએ મને મારા પહેલાના નિર્ણયની યાદ અપાવી દીધી. હું આજના દર્શકોની પ્રશંસા કરું છું જેઓ મહિલાઓના ચિત્રણમાં વધુ ગૌરવની માંગ કરી રહ્યા છે. પરંતુ જવાબદારી ફક્ત દર્શકોની નથી, કે ફક્ત ફિલ્મ નિર્માતાઓની પણ નથી. તે આપણી પણ છે. જો કંઈક માનવીય ગૌરવને ઠેસ પહોંચાડે છે, તો 'ના' કહેવાની હિંમત રાખો.

# કોલકાતામાં ધરપકડ કરાયેલા TMCના બે કાઉન્સિલરો પર ઈંડાં ફેંકાયાં

**ખંડણી,** ગુનાહિત અતિક્રમણ, ધમકી સહિતના આરોપો હેઠળ ઝડપાયેલા બંને પર લોકઆક્રોશ વરસ્યો

કોલકાતા, તા. ૭ (પીટીઆઈ) અલગ-અલગ ગુનાહિત કેસોમાં તૃણમૂલ કોંગ્રેસના બે કાઉન્સિલરોની ધરપકડને પગલે રવિવારે કોલકાતાના કેટલાક વિસ્તારોમાં નાટકીય દશ્યો સર્જાયાં હતાં. કારણ કે, તેમની સામેનો જનતાનો ગુસ્સો રસ્તાઓ પર આવી ગયો હતો, જ્યાં રહેવાસીઓ દ્વારા વિરોધ પ્રદર્શનો અને તેમના સમર્થકો તેમજ પોલીસ વચ્ચે ઘર્ષણ જોવા મળ્યું હતું.

દક્ષિણ-પૂર્વ કોલકાતામાં કાઉન્સિલર બાપ્પાદિત્ય દાસગુપ્તા અને મહાનગરના ઉત્તરીય વિસ્તારમાં મોહમ્મદ જસીમુદ્દીન પર સ્થાનિક લોકો દ્વારા ઈંડાં ફેંકવામાં આવ્યાં હતાં. આનાથી પણ વધુ નાટકીય બાબત એ હતી કે જસીમુદ્દીને ધરપકડથી બચવાના નિષ્ફળ પ્રયાસમાં કથિત રીતે પોતાની જાતને પોતાના જ ઘરમાં કેદ કરી લીધી હતી, જેના કારણે પોલીસે તેના ઘરની બહાર લગભગ છ કલાક રાહ જોયા બાદ તાળા તોડનારને બોલાવવો પડ્યો હતો. દક્ષિણ-પૂર્વીય કોલકાતાના પાટુલીમાં શનિવારે સાંજે ખંડણી, ગુનાહિત અતિક્રમણ, ગુનાહિત ધમકી અને આગ લગાડવાના પ્રયાસ સહિતના આરોપો હેઠળ ધરપકડ કરાયેલા કાઉન્સિલર બાપ્પાદિત્ય દાસગુપ્તા સામે વિરોધ પ્રદર્શન કરવા માટે સેંકડો રહેવાસીઓ સ્થાનિક પોલીસ સ્ટેશનની બહાર એકઠા થયા હતા.

દાસગુપ્તાના સાથી સૌરભ ઘોષની પણ તેમની સાથે ધરપકડ કરવામાં આવી હતી. રવિવારે, ભારે સુરક્ષા વચ્ચે પોલીસ આરોપી નેતાને અલીપોર કોર્ટમાં લઈ જઈ રહી હતી ત્યારે પ્રદર્શનકારીઓએ તેમના પર ઈંડાં ફેંક્યાં હતાં.

કોર્ટે પાછળથી દાસગુપ્તાને ૧૪ દિવસ માટે એટલે કે ૨૧ જૂન સુધી અને ઘોષને ૧૧ દિવસ માટે એટલે કે ૧૮ જૂન સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.



બ્રિટનના એસેક્સના એક ડેપોમાં કથિત રીતે ઇરાદાપૂર્વક લગાવાયેલી આગ થી 30 થી વધુ ડબલ-ડેકર બસો બળીને ખાખ થઈ ગઈ છે. શુક્રવારે સાંજે 7 વાગ્યા પહેલા મુકિંગફોર્ડ રોડ પર વાહન સંગ્રહ વિસ્તારમાં બનેલી ઘટના બાદ આકાશ કાળા ધુમાડાના ગોટેગોટાથી ભરાઈ ગયું હતું. એસેક્સ પોલીસ અને એસેક્સ કાઉન્ટી ફાયર અને રેસ્ક્યુ સર્વિસના કર્મચારીઓએ આગને કાબુમાં લેવા માટે સાથે મળીને કામ કર્યું હોવાથી નજીકના વિસ્તારમાં રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આગને કારણે 36 બસો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી, જેને બુઝાવવામાં બે કલાકથી વધુ સમય લાગ્યો હતો. ફાયર અધિકારીઓએ આગ ઇરાદાપૂર્વક લગાવવામાં આવી હોવાનું નક્કી કર્યા બાદ પોલીસે હવે આગ લગાવવાની તપાસ શરૂ કરી છે. હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી.

# ઈઝરાયેલમાં પેલેસ્ટાઈની હુમલાખોરનો ગોળીબાર : એકનું મોત, પાંચને ઈજા

**ઇઝરાયેલી** નાગરિકતા ધરાવતો આરબ મૂળનો હુમલાખોર પોલીસના હાથે ઠાર, તેનો એકમાત્ર સાથીદાર પકડાઇ ગયો

**હુમલાખોરે** વાહનમાં બેઠા બેઠા અનેક સ્થળે ગોળીબાર કર્યા હતા, ઇજાગ્રસ્તોમાંથી બેની હાલત ગંભીર



તેલ અવીવ, તા. ૭(AP): ઈઝરાયેલી પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે મધ્ય ઈઝરાયેલના કેટલાક શહેરોમાં ઈઝરાયેલી નાગરિકત્વ ધરાવતા એક પેલેસ્ટિની વ્યક્તિએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય પાંચ લોકો ઘાયલ થયા હતા. હુમલાખોર પોલીસની જવાબી કાર્યવાહીમાં માર્યો ગયો હતો.

જેટલી જગ્યાઓ પર ગોળીબાર થયો હતો તેની સંખ્યાને કારણે શરૂઆતમાં એવી આશંકા ઊભી થઈ હતી કે કદાચ વેસ્ટ બેંકમાંથી સરહદ પાર કરીને આવેલા એક કરતાં વધુ હુમલાખોરો દ્વારા આ આયોજિત હુમલો હોઈ શકે છે – જે ઓક્ટોબર ૨૦૨૩ માં હમાસના નેતૃત્વમાં થયેલા હુમલાની યાદોને તાજી કરે છે.

જો કે, બાદમાં પોલીસે સ્પષ્ટ કર્યું હતું કે આ હુમલો માત્ર એક બંદૂકધારી અને તેના સાથીદાર દ્વારા કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલની બચાવ સેવાએ જણાવ્યું કે તેમને પશ્ચિમ કાંઠાની સરહદ પર ઈઝરાયેલ તરફ આવેલા કોખાવ યાયિર શહેર નજીકના એક ગેસ સ્ટેશન પર ગોળીબારનો પહેલો અહેવાલ સવારે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ મળ્યો હતો. ત્યારપછી ટૂંક સમયમાં જ ત્સુર નાતાન, ત્સુર યિત્ઝાક શહેરો અને પશ્ચિમ કાંઠાની અંદર આવેલા ઈઝરાયેલી વસાહત સાલઈતની નજીકથી પણ ગોળીબારના અન્ય અહેવાલો મળ્યા હતા. પોલીસે રવિવારે મોડી સાંજે આ હુમલામાં સામેલ બીજા વ્યક્તિની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે ધરપકડ દરમિયાન તે વ્યક્તિએ કાચની બોટલ વડે પોલીસ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈને ઈજા થઈ ન હતી. આ મામલે વધુ તપાસ ચાલુ છે.

**આવક કરતાં વધુ સંપત્તિની ઓડિશામાં સૌથી મોટી કાર્યવાહી**

# ઓડિશાના એન્જિનિયરના લોકરોમાંથી રૂ. 2 કરોડ કેશ મળ્યા!

**બૈકુંઠ** નાથ બેહરા પાસે ઓડિશામાં 5 મલ્ટીસ્ટોરી બિલ્ડિંગ, 13 પ્લોટ સહિત અઢળક બેનામી સંપત્તિ

ભુવનેશ્વર, તા. 7: ઓડિશાના આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયર બૈકુંઠ નાથ બેહરા પાસેથી કરોડોની સંપત્તિનો ખુલાસો થયો છે.

બેહરા કંધમાલ જિલ્લાના બલિગુડા સ્થિત ઈન્ટિગ્રેટેડ ટ્રાઈબલ ડેવલપમેન્ટ એજન્સી (આઈટીડીએ)માં કાર્યરત છે. તેમની 1999માં જુનિયર એન્જિનિયરના પદ પર નિમણૂક થઈ હતી. ત્યારે તેમની સેલરી 6 હજાર રૂપિયા હતી.

ઓડિશા વિજિલન્સને બેહરા પાસે આવક કરતાં વધુ સંપત્તિ હોવાની ફરિયાદ મળી હતી. આ પછી ભુવનેશ્વરના વિશેષ ન્યાયાધીશ (વિજિલન્સ)ના સર્ચ વોરંટના આધારે વિજિલન્સે શુક્રવારે ભુવનેશ્વર, જાજપુર, બારીપદા અને કંધમાલ જિલ્લાના કુલ 9 સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા હતા.

આ દરમિયાન 5 બહુમાળી ઈમારતો, 13 પ્લોટ, સોનાના દાગીના અને બેંક લોકરોમાંથી આશરે 2.4 કરોડ કેશ રિકવર કરવામાં આવ્યા છે. તમામ સંપત્તિઓની કિંમત કરોડોમાં આંકવામાં આવી રહી છે. આને તાજેતરના વર્ષોની આવક કરતાં વધુ સંપત્તિની સૌથી મોટી કાર્યવાહીઓમાંથી એક માનવામાં આવી રહી છે.

દરોડા દરમિયાન અધિકારીઓએ અલગ-અલગ સ્થળોએથી રોકડા માત્ર 2.66 લાખ રૂપિયા જ રિકવર કર્યા હતા. જોકે, તપાસકર્તાઓને જાણવા મળ્યું હતું કે, બેહરાની પત્નીના નામે ભુવનેશ્વરના ચંદ્રશેખરપુર સ્થિત એક્સિસ બેંક અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં બે લોકર છે.

લોકર ખોલવામાં આવતાં આશરે 2 કરોડ કેશ મળ્યા હતા.

બૈકુંઠ નાથ બેહરાએ 16 ઓગસ્ટ 1999ના રોજ જુનિયર એન્જિનિયર તરીકે સરકારી સેવા શરૂ કરી હતી. તે સમયે તેમનો શરૂઆતનો પગાર મહિને 6,000 રૂપિયા હતો. 31 ઓક્ટોબર 2016માં તેમને આસિસ્ટન્ટ એન્જિનિયરના પદ પર પ્રમોશન મળ્યું હતું.

# દિલ્હીની પ્રોફેસરને મારવા માટે બંગાળના દંપતીએ 1,400 કિમીનો પ્રવાસ કર્યો

**દિલ્હીના** મહિલા પ્રોફેસરની હત્યા તેના ભાડૂત દંપતીએ જ કરી હતી, સગીર પુત્ર સાથે દિલ્હી આવી ઠંડે કલેજે હત્યા કરીને ભાગી ગયા

**બંગાળના** બર્ધમાનમાં આવેલા આ પ્રોફેસરના મકાનમાં હત્યારા પતિ-પત્ની ભાડેથી રહેતા હતા અને મકાન પડાવી લેવા પેંતરા કરતા હતા

નવી દિલ્હી, તા. ૭: દિલ્હી યુનિવર્સિટીના એક મહિલા પ્રોફેસરની હત્યાનો ભેદ માત્ર ત્રણ જ દિવસમાં ઉકેલાઈ ગયો છે, જેમાં પશ્ચિમ બંગાળના એક દંપતીની ધરપકડ કરવામાં આવી છે. કથિત રીતે પ્રોપર્ટીના વિવાદને કારણે હત્યાને અંજામ આપવા માટે હત્યારાઓ બંગાળથી લગભગ ૧,૪૦૦ કિલોમીટરની મુસાફરી કરીને દિલ્હી આવ્યા હતા.

શિવાજી કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર દેબોસ્મિતા પોલ બુધવારે પૂર્વ દિલ્હીના વસુંધરા એન્ક્લેવમાં આવેલા સત્યમ એપાર્ટમેન્ટ્સમાં તેમના ફ્લેટમાંથી મૃત હાલતમાં મળી આવ્યા હતા. ૪૯ વર્ષીય દેબોસ્મિતા પોલ લગ્નના પાંચ વર્ષ પછી, ૨૦૨૨ માં (પતિથી) અલગ થઈ ગયા હતા અને ફ્લેટમાં એકલા રહેતા હતા, જ્યારે તેમના પતિ બેંગલુરુમાં હતા. આ મહિલા પ્રોફેસર ૪ જૂને પૂર્વ દિલ્હીના વસુંધરા એન્ક્લેવના વૈભવી સત્યમ એપાર્ટમેન્ટમાંના તેમના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. હત્યા અંગે પોલીસના ઉપરાછાપરી દરોડાને કારણે આખરે કડીઓ બંગાળના બર્ધમાન સુધી પહોંચી હતી, જ્યાંથી પોલીસે રામપ્રસાદ દાસ અને બનશ્રી દાસની ધરપકડ કરી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે તેમના સગીર પુત્રને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું કે હત્યારાઓ બર્ધમાનના રહેવાસી હતા. તેઓ આ મહિલા પ્રોફેસરના બંગાળમાં આવેલા એક મકાનમાં ૨૦૨૩થી ભાડેથી રહેતા હતા. આ મકાન પ્રોફેસર દેવસ્મિતા પૌલને તેમના નાના તરફથી વારસામાં મળ્યું હતું અને કરોડોની કિંમત ધરાવતું હતું. આ ભાડુત કુટુંબ આ મકાન પોતાને વેચી દેવા આ પ્રોફેસરને કહેતું હતું પણ તેમની કિંમતમાં પ્રોફેસર તેમને વેચવા માગતા ન હતા. છેવટે આ દંપતિએ હત્યાનો પ્લાન બનાવ્યો હતો. તેઓ પીડિતાને મળવાના બહાને દિલ્હી આવ્યા હતા. બુધવારે, આરોપીઓ માસ્ક પહેરીને તેમના ફ્લેટની મુલાકાત લેતા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. તેઓ કેટલીક બેગ સાથે ખાનગી કેબમાં આવ્યા હતા અને છઠ્ઠા માળે પહોંચવા માટે સીડીનો ઉપયોગ કર્યો હતો. ઘરમાં તેમને સરળતાથી પ્રવેશ મળ્યો હતો અને પોતાની સાથે લાવેલા હથિયારથી તેમણે પીડિતાની હત્યા કરી નાખી હતી, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, હત્યારાઓ કપડાં બદલીને આશરે ૩૦ મિનિટ પછી પાછા ફર્યા હતા અને નીચે રાહ જોઈ રહેલી કેબમાં બેસીને નીકળી ગયા હતા. કેબ ડ્રાઈવરની અટકાયત કરવામાં આવી હતી અને મુસાફરોની ઓળખ કરવા માટે તેની રાઈડની વિગતો તપાસવામાં આવી હતી. પોલીસની સાત ટીમોએ ચાર રાજ્યોમાં દરોડા પાડ્યા હતા અને સેંકડો લોકોની પૂછપરછ કરી હતી. આનાથી તેમને કેસનો ભેદ ઉકેલવામાં મદદ મળી. હત્યારાઓની આખરે બર્ધમાનમાંથી ધરપકડ કરવામાં આવી છે અને હાલ તેમની પૂછપરછ ચાલી રહી છે.

# અમેરિકાના ઓહાયોમાં ગોળીબાર: ૧૨ને ઈજા, બે ગંભીર



**એક** સ્થાનિક ઉત્સવની ઉજવણી ચાલી રહી હતી ત્યારે ગોળીબાર થયો

**અંદરો** અંદરના ઝઘડાથી ગોળીબાર થયો હોવાની શંકા, સંડોવાયેલાઓની ચાલતી શોધખોળ

ટોલેડો (ઓહાયો), તા. 7(એપી): અમેરિકાના ઓહાયોના ટોલેડોમાં એક સામુદાયિક ઉત્સવ (ફેસ્ટિવલ) નજીક થયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા 12 લોકો ઘાયલ થયા છે. ગોળીબારના અવાજ વચ્ચે લોકો જીવ બચાવવા આમ-તેમ ભાગવા લાગ્યા હતા, અને પોલીસે જણાવ્યું છે કે શંકાસ્પદોની શોધખોળ ચાલુ છે.

ટોલેડોના ડેપ્યુટી પોલીસ ચીફ જો હેફર્નને જણાવ્યું હતું કે ઈજાગ્રસ્તોમાંથી બે લોકોની હાલત નાજુક છે. તેમણે ઉમેર્યું કે એવું લાગે છે કે ત્યાં ઓછામાં ઓછા બે લોકો હતા જેમણે હથિયારોમાંથી ગોળીબાર કર્યો હતો અને તેઓ કદાચ એકબીજા પર ગોળીઓ ચલાવી રહ્યા હતા. ટોલેડો પોલીસ વિભાગે જણાવ્યું કે આ ગોળીબાર 'ઓલ્ડ વેસ્ટ એન્ડ ફેસ્ટિવલ' નજીક થયો હતો, જે શહેરના એક ઐતિહાસિક વિસ્તારમાં લાઈવ મ્યુઝિક અને હોમ ટૂર્સ માટેનું એક વાર્ષિક આયોજન છે. વિભાગે જણાવ્યું કે આ ઘટના માટે જવાબદાર લોકોની સક્રિયપણે શોધખોળ કરવામાં આવી રહી છે. ઓહાયોના ગવર્નર માઈક ડીવાઈને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આજે રાત્રે ટોલેડોની સ્થિતિને લઈને હું ખૂબ જ ચિંતિત છું. ઉનાળાના તહેવારો પરિવારો માટે હિંસાના ડર વિના સાથે સમય વિતાવવા માટે સુરક્ષિત સ્થળો હોવા જોઈએ. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા બહુવિધ વીડિયોમાં જોવા મળ્યું છે કે ગોળીબારના અવાજ વચ્ચે લોકો દોડી રહ્યા છે અને ઈમરજન્સી અધિકારીઓ ઘાયલ દેખાતા લોકોને તબીબી સહાય આપી રહ્યા છે.

# પાકિસ્તાની મંત્રી નકવીની ઈરાનના વિદેશ મંત્રી સાથે શાંતિ મંત્રણા અંગે ચર્ચા

**પાકિસ્તાનના** ગૃહ પ્રધાને તહેરાન પહોંચી અરાગચીને વડાપ્રધાન શહેબાઝ શરીફનો લેખિત સંદેશાવાળુ પરબિડિયું સોંપ્યું

ઈસ્લામાબાદ, તા. 07 (PTI) : પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ રવિવારે તેહરાનમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન તેમણે પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફનો એક લેખિત સંદેશો સોંપ્યો હતો, તેમ ઈરાન સરકારે એક નિવેદનમાં જણાવ્યું છે. આ સંદેશો ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈને સંબોધીને લખવામાં આવ્યો હતો. ઈરાન સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું કે, પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ આજે તેહરાનમાં વિદેશ મંત્રી અરાગચી સાથે મુલાકાત કરી હતી અને ઈસ્લામિક ક્રાંતિના સર્વોચ્ચ નેતા આયતોલ્લાહ ખામેનેઈ માટે વડાપ્રધાન શહેબાઝ શરીફનો લેખિત સંદેશો સુપરત કર્યો હતો.

# બાંગ્લાદેશના સૌથી ઝડપી ટ્રાયલ : બળાત્કાર કેસમાં દંપતીને ફાંસીની સજા

**બાંગ્લાદેશની** કોર્ટે બાળકી પર બળાત્કાર અને હત્યાના કેસમાં માત્ર પાંચ દિવસની સુનાવણી બાદ ચુકાદો આપ્યો

ઢાકા, તા. ૭ (PTI) બાંગ્લાદેશની એક અદાલતે રવિવારે આઠ વર્ષની બાળકી પર બળાત્કાર અને તેની હત્યાના કેસમાં એક દંપતીને ફાંસીની સજા સંભળાવી છે. માત્ર પાંચ દિવસની સુનાવણી બાદ આ ચુકાદો આપવામાં આવ્યો છે, જેને સરકારી વકીલોએ દેશના ઈતિહાસમાં સૌથી ઝડપી મર્ડર ટ્રાયલ ગણાવ્યો છે. ઢાકા મેટ્રોપોલિટન ચાઈલ્ડ રિપ્રેશન પ્રિવેન્શન ટ્રિબ્યુનલે આ ઘટનાના ૧૯ દિવસ બાદ આ ચુકાદો આપ્યો છે. આ ઘટનાને કારણે દેશભરમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો અને મહિલાઓ તથા બાળકો સામેની હિંસા અંગે ફરી એકવાર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જજ મસરુર સાલેકીને સોહેલ રાણા અને તેની પત્ની સ્વપ્ના ખાતુનને ફાંસીની સજા સંભળાવી હતી અને અનુક્રમે ૫ લાખ ટકા (૪,૦૭૩ યુએસ ડોલર) અને ૨ લાખ ટકાનો દંડ ફટકાર્યો હતો. અદાલતે આ વળતર પીડિત પરિવારને ચૂકવવાનો આદેશ આપ્યો છે. ખીચોખીચ ભરેલા કોર્ટરૂમમાં બંને દોષિતોને રજૂ કરવામાં આવ્યા ત્યારે જજે કહ્યું, "તેઓ મૃત્યુ ન પામે ત્યાં સુધી તેમને ગળે ફાંસી આપીને લટકાવવામાં આવશે." અદાલતે જણાવ્યું હતું કે, જો દંડની રકમ ચૂકવવામાં નહીં આવે તો દોષિતોની જંગમ અને સ્થાવર મિલકતો જપ્ત કરી શકાય છે અને રકમ વસૂલવા માટે તેની હરાજી કરી શકાય છે.

## મુંબઈમાં મ્યુઝિક ઈવેન્ટ દરમિયાન યુવાનનું મોત, એક મહિલા હોસ્પિટલમાં

મુંબઈ, તા. ૭ (પીટીઆઈ) રવિવારે વહેલી સવારે મુંબઈમાં એક મ્યુઝિક ઈવેન્ટ દરમિયાન ૨૮ વર્ષીય એક યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે એક મહિલાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પોલીસે દાવો કર્યો છે કે, આ બંનેએ દારૂ પીધો હતો, પરંતુ ડ્રગ્સના વપરાશના કોઈ પુરાવા મળ્યા નથી. તારદેવ પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ અલગ-અલગ ઘટનાઓ વરલીમાં એનએસસીઆઈ ડોમ ખાતે આયોજિત 'ક્લેંગકુન્સ્ટલર ઓલ નાઈટ લોંગ મ્યુઝિકલ શો દરમિયાન બની હતી.